# વિશ્વાસઘાતમાં ફીરોજપુરના ખેડૂતને પાયમાલ કરી નાંખ્યો

## જમીનનો બોગસ પાવર ઓફ એટર્ની બનાવી ટાઈટલ બગાડી અંદરોઅંદર વેચાણ દસ્તાવેજ કરી છેતરપીંડી આચરનાર ૧૪ સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૩


વલાદ નજીક આવેલા ફિરોજપુર ગામના એક ખેડૂતની જમીન પર ભુમાફીયાઓએ નજર બગાડીને જમીનનો બોગસ પાવર ઓફ એટર્ની બનાવી ૧૪ શખ્સોએ મળીને જમીનનું ટાઈટલ બગાડી નાંખ્યુ અને ત્યાર બાદ અંદરોઅંદર વેચાણ દસ્તાવેજો કરી ખેડૂત સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી ખેડૂતને પાયમાલ કરી નાંખ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ડભોડા પીએસઆઈએ ખેડૂતની ફરિયાદ લઈ આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ફિરોજપુર ગામમાં રહેતા ખેડૂત ફુલાજી ઈશ્વરજી ઠાકોરની સર્વે નં. ૨૦૯ ની ૦-૮૦-૯૪ વાળી તથા સર્વે નં. ૨૨૨ની ૩-૩૧-૭૪ વાળી જમીન આવેલી છે. આ જમીન વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ દરમ્યાન કેટલાક શખ્સોએ મળીને ઘસી મારી હતી. ફુલાજીએ ડભોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ જમીનનો બોગસ પાવર બનાવનાર નીકોલનો મુકેશ મેરાભાઈ ઓડેદરા, ઠક્કરબાપાનગરના ભીમા મેથાભાઈ ભરવાડ, ખેડાના પુનમ મખાભાઈ ભરવાડ, નિકોલના વિજય ધીરૂભાઈ વઘાસીયા, ઠક્કરબાપાનગરના રમજુ નાગજીભાઈ ભરવાડ, નરોડાના હિરા રત્નાભાઈ ભરવાડ, મોટેરાના સગરામ ચીકાભાઈ ભરવાડ, વેજલપુરના વિકાસ ધુળાભાઈ પટેલ, ઈન્દ્રોડા ગામના કનુ દરબારે ભેગા મળીને આર્થિક તોડ કરવા રેકર્ડ ઉપર માલીક ન હોય તેવા દિનેશ ચંદુભાઈ પટેલને લડવા માટે અને જમીનનો સારો ભાવ આપવાની લાલચ આપી બાનાખત કરી લેનાર અને પડદા પાછળ ભુમીકા ભજવનાર લાલજી મુલજીભાઈ અંટારા (રહે. બાપુનગર, નિકોલનો ભુપેન્દ્ર, મુળજીભાઈ પટેલ, બોડકદેવના દિનેશ નકુમભાઈ વઘાસીયા, ઓઢવના મહેન્દ્ર મહોબતસિંહ ઝાલા અને સુરતના અશોક શામજીભાઈ ઝડફીયાએ ભેગા થઈને તેમની જમીનનું ટાઈટલ બગાડી ખોટા પાવર આધારે અંદરોઅંદર દસ્તાવેજ કરી તેમની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત આચર્યો હોવાની ફરીયાદ ડભોડા પોલીસ સ્ટેશનમાં નોંધાતા પીએસઆઈ ડી.બી. વાળાએ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# ઊંબરાવાળી માતાની સેવા માટે ૩૦ વર્ષથી ચાલતી પદયાત્રા છોડી

## પેરેલીસીસગ્રસ્ત વયોવૃદ્ધ માતાની સેવા માટે ભાદરવી પૂનમે અંબાજી ચાલતા જવાનો નિયમ તોડી ગાંધીનગર આસપાસના મંદિરોની પ્રતિકાત્મક પદયાત્રા દ્વારા નરેન્દ્ર રાવલે અનોખુ પ્રેરક ઉદાહરણ પ્રસ્તુત કર્યું

સમગ્ર રાજ્યમાંથી ભાદરવી પૂનમે જગતજનની મા જગદંબાના દર્શન કરવા શ્રદ્ધાળુઓ પદયાત્રા કરી અંબાજી પહોંચે છે. રાજ્યમાં લાખો પદયાત્રીઓ એવા છે જેઓ પ્રતિવર્ષ સેંકડો કિલોમીટરની પદયાત્રા કરી અંબાજી જાય છે. ગાંધીનગરમાં પણ વર્ષોથી પદયાત્રા કરતા હોય તેવા હજારો શ્રધ્ધાળુઓ છે. જોકે છેલ્લા ૩૦ વર્ષથી ગાંધીનગરથી અંબાજી દર ભાદરવી પૂનમે પગપાળાં જતા નરેન્દ્ર રાવલ નામના પદયાત્રીએ આ વર્ષે તેમની પદયાત્રા અનોખી રીતે કરી છે.



સેક્ટર-૭માં રહેતા નરેન્દ્ર રાવલ છેલ્લા ૩૦ વર્ષથી અચૂકપણે ગાંધીનગરથી અંબાજી પદયાત્રા સંઘમાં જોડાઈને પગપાળા અંબાજી જતા હતા પરંતુ આ વર્ષે તેઓએ પોતાની ૮૬ વર્ષીય બિમાર માતાની સેવા ચાકરી કરવાના હેતુસર તેમની પદયાત્રા મોકુફ રાખી છે. જો કે જેમ ગણેશજીએ માતા-પિતાની પ્રદક્ષિણા કરીને સમગ્ર સૃષ્ટિની પ્રદક્ષિણાનુ ફળ પ્રાપ્ત કર્યુ હતુ તેમ નરેન્દ્ર રાવલે માતાની સેવા સાથે ગાંધીનગરની આસપાસના ચાર શક્તિ મંદિરોની સતત ચાર દિવસ સુધી પ્રતિકાત્મક પદયાત્રા કરી છે. આ યાત્રામાં ગાંધીનગર ચાર દિશામાં આવેલા માતાજીના મંદિરો જેમાં ગિયોડનું અંબાજી મંદિર, કોબાનું સંતોષી માતાનું મંદિર, અડાલજનું ચેહર માતાનું મંદિર અને રૂપાલનું વરદાયિની માતાના મંદિરનો સમાવેશ થાય છે. તેમણે ચારેય દિવસ દરરોજ સવારે વહેલા ૩ વાગ્યાથી શરૂ કરીને સાત વાગ્યા સુધીમાં વારાફરથી ચારેય ધામોની પદયાત્રા પૂર્ણ કરી છે.

નરેન્દ્ર રાવલના માતૃશ્રી અત્યાર સુધી તેમના વતનમાં રહેતા હતા પરંતુ હવે જૈફ વયે ૪૦ માસથી તેઓ પેરેલીસીસથી પિડાઈ રહ્યાં છે અને તેમને તમામ દૈનિક કાર્યો પણ ઉંચકીને કરાવવા પડે છે. 'ડુંગરાવાળી માતા માટે ૩૦ વર્ષ પદયાત્રા કરી હવે ઊંબરાવાળી માતાને મારી જરૂર છે'' તેવુ કહેતા નરેન્દ્ર રાવલે જણાવ્યું હતું કે 'ડુંગરાવાળી માતા તરફ શ્રદ્ધાનો પ્રવાહ ભલે રહે પરંતુ ઊંબરાવાળી માતા તરફ સેવાનું ઝરણું પણ નથી ફુટતુ તે આજના સમાજની કરૂણતા છે.' તેઓ અને તેમના પત્નિ દરરોજ સવારે માતાને નવડાવવા-ધોવડાવવાથી માંડીને ટોનિક, દવાઓ, દૂધ, લીંબુ શરબત, ચા, ફ્રૂટ જ્યુસ પીવડાવવા સહિતની તમામ સેવાચાકરી કરીને આદર્શ સંતાનનું ઉદાહરણ સમાજ સમક્ષ પ્રસ્તુત કરી રહ્યાં છે.

# સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે ''પોષણ અંગેનું પોસ્ટર પ્રદર્શન''નું આયોજન

ગાંધીનગર, તા.૩

ન્યુટ્રીશીયન વીક અંતર્ગત પોષણ અંગેનું પોસ્ટર પ્રદર્શનનું આયોજન સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ બ્લોક નં- સી, ૨૦૧ કુડાસણ ખાતે તા.૨ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનું ઉદઘાટન વોર્ડ નં-૮ ના કોર્પોરેટર પિંકીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા ફીઝીશીયન ડો. આશિષભાઈ પરીખ હાજર રહ્યા હતા. શહેરના નાગરીકો માટે સવારે ૧૧થી ૧ અને સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન આ પ્રદર્શન ખુલ્લું મુકાયું છે.

સ્વાગત રેઈન ફોરેસ્ટ- ૨ કુડાસણ ખાતે આયોજીત પોસ્ટર પ્રદર્શનમાં ડાયાબીટીસ ના થાય તે માટે અને ડાયાબિટીસ થઈ હોય તો તેને નિયંત્રણમાં રાખવા માટે કેવી રીતે ખોરાકનું આયોજન કરવું, તે ખુબ જ સરળ રીતે શીખવાડવામાં આવે છે. આ વિષયમાં ઘણી બધી ખોટી માન્યતાઓ પ્રચલિત છે. જેના કારણે દર્દીને મુંઝવણ રહે છે જે પોસ્ટર દ્વારા દુર થાય તે માટે સમજાવાય છે. આ ઉપરાંત એનીમીયા( પાંડુરોગ)ની જાણકારી ન હોવાથી મોટાભાગના નાગરીકો બાળકો પિડાતા હોય છે. કાર્યક્ષમતા ઘટી જાય છે અને જીવનમાં રસ ઓછો થઈ જાય છે. તેમજ બાળકના વિકાસ ઉપર વિપરીત અસર પડે છે ત્યારે આ

● અનુસંધાન પાના - ૭ પર



અનોખું અભિયાન : અંબાજી પદયાત્રાના માર્ગો પર જાણે - અજાણે થયેલી ગંદકીને સાફ કરવા ઠાકોર સેના દ્વારા માર્ગોની સફાઈનું અનોખું અભિયાન આરંભાયું હતું. ગાંધીનગરના ટીંટોડા ગામના યુવાનો દ્વારા આરંભાયેલા સ્વચ્છતા અભિયાનને સમાજના વિવિધ વર્ગોમાંથી આવકાર મળી રહ્યો છે.

# ચિલોડામાં શ્રીજીનું રંગેચંગે શોભાયાત્રા સાથે વિસર્જન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર તાલુકા ચિલોડા ગામે ગણેશોત્સવ રંગેચંગે યોજાયો હતો. ગણેશ ચતુર્થીના દવસે ગણેશજીની મૂર્તિની સ્થાપના ચિલોડા ચાર રસ્તાના વેપારીઓ તથા ટીંબાવાળા વાસમાં એમ બે સ્થળે કરવામાં આવી હતી. ભાદરવા સુદ દસમ સુધી ગણેશજીની પૂજા અર્ચના કર્યા બાદ ભાદરવા સુદ-૧૨ના દિવસે ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનો દ્વારા તન-મન-ધનથી ગણેશજીની સેવાનો લ્હાવો લેવાયો હતો. આજે ભકતજનો દ્વારા રંગેચંગે ડી.જે.ના તાલે, અબીલ ગુલાલ ઉડાડી શોભાયાત્રા સાથે ગામના મુખ્યચોકમાં ગરબે ઘુમી ગણપતિ બાપા મોરયાના જયઘોષ સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભકતજનો જોડાયા હતાં.




## પ્રિટી વુમન કલબ દ્વારા સે-૧૨ ખાતે એકઝીબિશન કમ સેલ યોજાયું

ગાંધીનગર શહેરની પ્રિટી વુમન કલબ દ્વારા સેકટર-૧૨ ઉમિયા માતાજી મંદિર સંસ્થાન, ઉમાભવન ખાતે શનિ-રવિ બે દિવસીય એકસકલુઝીવ એકઝીબીશન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન્ટીક, ઈમીટેશન, હેન્ડ મેઈડ, જવેલરી, ઈન્ડીયન એન્ડ ટ્રેડીશનલ વેર, લખનવી ડ્રેસ મટીરીયલ્સ, કુર્તિ, ચિલ્ડ્રન વેર, રંગોળી, કોસ્મેટીક, પર્સ, ફુડ ઝોનનું આયોજન કરાયું હતું. બે દિવસ આયોજીત આ એકઝીબીશન કમ સેલમાં મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી અને આ એકઝીબીશન નિહાળીને વિવિધ ચીજવસ્તુઓની ખરીદી પણ કરી હતી. શહેરમાં પ્રિટી વુમન કલબ દ્વારા અગાઉ પણ એકઝીબીશન કમ સેલનું સુંદર આયોજન કરાયું હતું. આ કલબનો હેતુ બહેનોને એક જરુરી પ્લેટફોર્મ મળી રહે અને તેઓ પગભર થાય તે માટે સુંદર પ્રયાસ કરવામાં આવે છે. બે દિવસીય કાર્યક્રમમાં બહેનોને ખુબ જ સુંદર પ્રતિભાવ સાંપડયો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શિલ્પા દેસાઈ અને દક્ષા જાદવે ભારે જહેમત ઉઠાવી હતી.

# સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળા સાથે પુસ્તકોનું આદાન-પ્રદાન

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આજે સપ્ટેમ્બર માસના પ્રથમ રવિવાર નિમિત્તે આત્મન ફાઉન્ડેશન દ્વારા પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પરબના મોટી સંખ્યામાં પુસ્તક પ્રેમીઓ ઉમટી પડ્યાં હતા. આ સમયે હેપ્પી યુથ ક્લબ દ્વારા આયોજિત સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વૈદિક ઉકાળાના વિતરણનો પણ પુસ્તક પ્રેમીઓએ લાભ ઉઠાવ્યો હતો.

આજે સવારથી વાદળછાયા વાતાવરણમાં વરસાદની સંભાવનાઓ વચ્ચે યોજાયેલી પુસ્તક પરબમાં વાચકો ઉમટી પડ્યા હતા. આજે ગાંધીનગરના દામીનીબેન જાની નામના પુસ્તકપ્રેમી વાંચકે પુસ્તક પરબને બાળ સાહિત્યને લગતા તદ્દન નવા ખરીદેલા ૫૦ પુસ્તકો દાનમાં આપ્યા હતા. પુસ્તકોમાં ગીજુભાઈ બધેકા, બકોર પટેલ, પંચતંત્રની વાર્તાઓ, ઈશપની બોધકથાઓ વગેરેનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ દામીનીબેન જાનીએ તેમના સ્વર્ગસ્થ પતિના સ્મરણાર્થે ૫૦ નવા પુસ્તકોનું દાન આપ્યુ હતુ. આજે પુસ્તક પરબમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, ગજાનંદ સેવા સમિતિના મિલિન્દ ગુપ્તે, નિવૃત્ત શિક્ષિકા તથા લેખિકા કુન્દનબેન દવે, યોગ શિક્ષિકા કુસુમબેન જોષી, વેટરન સ્વીમર મનિષાબેન






કિશોર જીકાદરા, સંજય થોરાત, આશાબેન સરવૈયા, દિશાંત ગર્ગ, ત્રિપાઠી, સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા તથા હરિભાઈ દવે, વિનોદ મેણાત, અજય ઉપાધ્યાય અને ડૉ. સેશીલ પરમાર ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત પુસ્તક પરબના સ્વયંસેવકો પ્રજ્ઞાબેન પટેલ, ધ્રુજતિ પ્રજાપતિ, રણછોડભાઈ પરમાર, રોહિણી પરમાર વગેરેએ ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી. આ પ્રસંગે હેપ્પી યુથ ક્લબ દ્વારા સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેનો ૨૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. ઉકાળા વિતરણની સેવા હેપ્પીયુથ ક્લબના યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા, પ્રિયંકા સથવારા તથા હરકિશન વાઘેલાએ આપી હતી. પુસ્તક પરબમાં આજે આશરે એક હજાર જેટલા પુસ્તકોનું આદાન-પ્રદાન થવા પામ્યું હતું.

# વિધાનસભાના ઈલેક્શનમાં ચાર પક્ષો વચ્ચે જંગ ખેલાશે, કોંગ્રેસને ખતમ કરવાની ચાલ

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષો વચ્ચે વિધાનસભાની ચૂંટણી લડાય છે પરંતુ આ વખતે પણ અન્ય પાર્ટીઓ મેદાનમાં ઉતરી રહી છે. રાજ્યમાં ત્રીજો મોરચો હંમેશા નિષ્ફળ જાય છે પરંતુ દર વખતે કોઈને કોઈ પાર્ટી ચૂંટણી મેદાનમાં ઉતરીને તેમના ગોલ સેટ કરે છે. છેલ્લે ૧૯૯૦માં જનતાદળ ગુજરાતના નેતા ચીમનભાઈ પટેલને ૭૦ બેઠકો મળી હતી પરંતુ તે પછી કોઈ ત્રીજાપક્ષને બે આંકડામાં બેઠકો મળી નથી. શંકરસિંહ વાઘેલાએ ૧૯૯૮માં બનાવેલી રાષ્ટ્રીય જનતા પાર્ટીને ચાર અને ૨૦૧૨માં કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીને માત્ર બે બેઠકો મળી હતી. આ વખતે મેદાનમાં બે મુખ્ય પાર્ટીઓ ઉપરાંત આમ આદમી પાર્ટી, શરદપવારની એનસીપી, માયાવતીની બહુજન સમાજ પાર્ટી સહિત નાની મોટી પાર્ટીઓ મેદાનમાં ઉતરવા તૈયાર થઈ છે. એટલે કે ગુજરાતની ૧૮૨ બેઠકો માટે મુખ્ય પાંચ પાર્ટીઓ વચ્ચે જંગ ખેલાય તેવી સંભાવના છે. કહેવાય છે કે શંકરસિંહ વાઘેલા અને એનસીપી ભાજપની બી-ટીમ હશે જે કોંગ્રેસના ઉમેદવારોને હરાવવાનું કામ કરશે, જ્યારે આમ આદમી પાર્ટી તેની રીતે સ્વતંત્ર ચૂંટણી લડી રહી છે.

**રાત થોડી, વેશ ઝાઝા- ચૂંટણી આડે ત્રણ મહિના છે છતાં કોંગ્રેસ હજી વરઘોડામાં મસ્ત છે**

**● નહીં ભાજપ, નહીં કોંગ્રેસ- લ્યો હવે આવે છે જનવિકલ્પ...**

કહેવાય છે કે ભાજપ અને કોંગ્રેસનો વિકલ્પ તૈયાર થઈ રહ્યો છે. જનવિકલ્પના નામે એક પાર્ટ ઉભરી રહી છે. બેકારી, શિક્ષણ, આરોગ્ય, પેટ્રોલ-ડિઝલના ભાવ, મોંઘવારી, ખેડૂતોના પ્રશ્નો, ઘરનું ઘર, પાયાની જરૂરિયાતો સહિતના પ્રશ્નોને લઈને થર્ડફોર્સ આવી રહ્યો છે. આ એક બૌદ્ધિક વિચારધારા ધરાવતું ગ્રુપ છે. જે લોકો ભાજપ અને કોંગ્રેસથી કંટાળી ગયા છે તેમના માટે આ એક જનવિકલ્પ છે. આ વિકલ્પની પાછળ કોની કલ્પના છે તે થોડાં સમય પછી બહાર આવશે. સચિવાલયમાં એવો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે આ નવી પાર્ટીના પડદા પાછળના કસબી કોણ હશે, જે હશે તે પણ લોકોને એક તબક્કે વિચારતા કરી મૂકે તેવો વિકલ્પ છે. ગુજરાતમાં ખાડિયા અને એલિસબ્રીજમાં પણ અપક્ષ ઉમેદવારો ધારાસભ્ય બન્યા છે. ગુજરાતમાં ૧૯૭૧ થી ૧૯૯૦ સુધી સતત ચાર ટર્મથી અપક્ષ ધારાસભ્ય તરીકે રહ્યાં હોય તો તે હેમંત માડમ છે. તેમના નામનો રેકોર્ડ છે કે તેઓ આટલી બધી ટર્મ સુધી પાર્ટીના સિમ્બોલ પર નહીં વ્યક્તિગત સિમ્બોલ પર ચૂંટણી લડ્યા છે. જામનગરની ખંભાળિયાની બેઠક પરથી તેઓ ચાર ટર્મ જીત્યા હતા. તેમની એવરેજ લીડ ૨૪૦૦૦ની હતી, એટલે વિકલ્પ પણ આ જ ધરી પર કામ કરી રહ્યો છે.

**● કોંગ્રેસ ૪૩ ધારાસભ્યોના વરઘોડા બંધ કરી મહેનત શરૂ કરે...**

વિધાનસભાની ચૂંટણીને આડે માત્ર ત્રણ મહિનાનો સમય બચ્યો છે ત્યારે ભાજપે હાઈટેક કેમ્પેઈન શરૂ કરી દીધું છે પરંતુ કોંગ્રેસ તેના ૪૩ ધારાસભ્યોને લઈને વરઘોડો કાઢવામાંથી ઉંચી આવતી નથી. જો કે રાજકીય સૂત્રો કહે છે કે કોંગ્રસે વિજય માટે ગ્રામ્ય વિસ્તારોની ૧૩૦ બેઠકો પર નજર રાખી છે, કારણ કે શહેરી વિસ્તારની ૫૯ બેઠકો પર ભાજપનો કાબૂ હોવાથી તે વિસ્તારોમાં સમય બગાડશે નહીં. ગઈ ચૂંટણીમાં ભાજપ ૧૩ બેઠકો પર અને કોંગ્રેસ ૨૧ બેઠકો પર એમ બન્ને પાર્ટીઓ ખૂબ ઓછા માર્જીનથી ચૂંટણી જીત્યા હતા. શહેરી વિસ્તારની ૧૬ બેઠકો એવી છે કે ભાજપને એક લાખ કરતાં વધુ મતની લીડ મળી હતી એટલે આ બેઠકો કોંગ્રેસે અત્યારથી જ ખોવી પડે તેમ છે, કેમ કે આ લીડ કાપવી કોંગ્રેસના ઉમેદવારો માટે ઘણી અઘરી છે.સચિવાલયમાં એવું કહેવાય છે કે કોંગ્રેસ જો અમદાવાદની મણીનગર, એલિસબ્રીજ, નારણપુરા, ઘાટલોડિયા અને સાબરમતી જેવી બેઠકો જીતે તો ૨૦૧૭માં કોંગ્રેસનો ગાંધીનગર પર કબજો હશે.

**● મોદી હશે સ્ટાર કેમ્પેઇનર, કોંગ્રેસમાં શૂન્યાવકાશ...**

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની રાષ્ટ્રીય ટીમ મેદાનમાં ઉતરી પડવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ પાણીમાં બેસી રહ્યાં છે. ખરેખર તો કોંગ્રેસને ૨૦૧૯ની લોકસભામાં પાછા આવવું હોય તો તેમના માટે ગુજરાતની ચૂંટણીમાં વિજય એ મોટી ઓપર્ચ્યુનિટી છે. કોંગ્રેસમાં રાહુલ ગાંધીનું નેતૃત્વ પાર્ટીને ફળ્યું નથી. માત્ર ગાંધી પરિવારના સભ્ય તરીકે ગુજરાતમાં હજી તેમને આદિવાસી જેવા ગ્રામીણ વિસ્તારોમાં મહત્વ મળે છે પરંતુ શહેરી વિસ્તારોમાં આજેપણ નરેન્દ્ર મોદી લોકપ્રિય નેતા તરીકે ઉપસી આવેલા છે. રાજકીય નેતાઓમાં તેમનું આ સ્થાન ૧ થી ૧૦માં આવે છે. કોંગ્રેસનો જો સત્તા મેળવવી હોય તો તેણે આદિવાસી વિસ્તારો તેમજ પાટીદારો સાથે ઘરોબો કેળવવો પડશે. દલીતોને વધારે મહત્વ આપવું પડશે. કોંગ્રેસના સંગઠનમાં પાટીદાર યુવાનોને નેતૃત્વ આપવું પડશે. આ વખતે કોંગ્રેસ પાસે શંકરસિંહ વાઘેલા જેવા સ્ટ્રોંગ નેતા નથી તેથી ચૂંટણી પ્રચારમાં પાર્ટીની મુશ્કેલી વધી શકે છે. સેકન્ડ કેડરના નેતાઓને મેદાનમાં ઉતરવું પડે તેમ છે.

**અપક્ષો માટે આગવું મહત્વ - હેમંત માડમ ચાર ટર્મ સુધી સતત અપક્ષ તરીકે ચૂંટાયાનો રેકોર્ડ છે**

**● ૫૦ લાખ નવા મતદારો કોની તરફ ઢળશે તે નિશ્ચિત છે...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નવા મતદારો કે જેઓ પહેલીવાર મતદાન કરી રહ્યાં છે તેવા મતદારો નિર્ણાયક બની શકે છે, જો કે મોટાભાગના યુવાનો અને યુવતિઓ નરેન્દ્ર મોદીના ચાહક છે તેથી કોંગ્રેસને આ નવા મતદારોનો લાભ નહિવત સંખ્યામાં મળી શકશે. ચૂંટણી કમિશનના રિપોર્ટ પ્રમાણે ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં ૩.૮૦ કરોડ મતદારો હતા પરંતુ ૨૦૧૭માં ૪.૩૭ કરોડ મતદારો થયા છે. પંચના જણાવ્યા પ્રમાણે ૧લી જુલાઈ ૨૦૧૭ના રોજ મતદારોની સંખ્યા ૪.૨૭ કરોડ થઈ હતી જેમાં હજી ૧૦ લાખનો ઉમેરો થાય તેમ છે. આ મતદારો રાજ્યની ૧૮૨ બેઠકોમાં વહેંચાયેલા છે. ગઈ ચૂંટણી વખતે ગુજરાતમાં ૨૬ જિલ્લા હતા પરંતુ આ વખતે જિલ્લાની સંખ્યા વધીને ૩૩ થઈ છે. કોંગ્રેસના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે નવા મતદારોને ધ્યાને લઈ પાર્ટીએ યુવાનો અને મહિલાઓને મોટાપ્રમાણમાં ટીકીટ આપવી જોઈએ.

**૪.૩૭ કરોડ મતદારો પૈકી ૫૦ લાખ નવા મતદારો હશે કે જેઓ પ્રથમવખત તેમનો મત આપશે**

**● મોદી, અમિત શાહ અને આનંદીબહેન વિનાની પહેલી ચૂંટણી...**

ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં પહેલીવાર નરેન્દ્ર મોદી અને અમિત શાહ સીધી રીતે સંકળાયેલા નથી, એટલે કે આ બન્ને નેતાઓ પહેલીવાર વિધાનસભાની ચૂંટણી લડવાના નથી. ગુજરાત ભાજપની કમાન આ વખતે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીના હાથમાં છે. ભાજપની સેકન્ડ કેડર મેદાનમાં છે. પાર્ટી આ વખતે સિનિયર મોસ્ટ મહિલા નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલને પણ ટીકીટ આપવાની નથી. ભાજપમાં સેકન્ડ કેડરના કરિશ્માયુક્ત નેતાઓમાં રૂપાણી, વાઘાણી ઉપરાંત પ્રદિપસિંહ વાઘેલા, શંકરભાઈ ચૌધરી, અમિત ઠાકર અને ભરત પંડ્યા છે. ભાજપ પાસે રાષ્ટ્રીય નેતાઓની ફોજ છે જેમને પાર્ટી ચૂંટણી પ્રચારમાં ઉતારી રહી છે. ફિલ્મસ્ટાર્સ, ક્રિકેટર્સ અને સેલિબ્રિટીઝની સંખ્યા ભાજપ પાસે વધુ છે, કોંગ્રેસમાં એક નેતા એવા છે કે જેમણે મોદીનો ગુજરાતમા ખૂબ પ્રચાર કર્યો હતો. આ નેતા નવજોતસિંહ સિંધુ છે, જો તેઓ કોંગ્રેસની વહારે આવશે તો કોંગ્રેસને ચૂંટણી પ્રચારમાં તેનો મોટો ફાયદો થવાની શક્યતા છે.

**● ચૂંટણીના ઉમેદવારોમાં જ્ઞાતિવાદનું વર્ચસ્વ રહેશે...**

ગુજરાતમા જ્ઞાતિવાર સમીકરણો જોઈએ તો ઓબીસીનો મોટો વર્ગ છે જે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વહેંચાયેલો છે. આદિવાસી મતદારો આ વખતે કોંગ્રેસ તરફી જાય તેવી સંભાવના છે. પાટીદારોમાં યુવાનો ભાજપ વિરોધી છે પરંતુ સિનિયર પાટીદારો હજી પણ ભાજપ સાથે છે. દલિતો બન્ને પાર્ટીમાં વહેંચાયેલા છે છતાં ૬૦ ટકા ઝોક કોંગ્રેસે તરફી છે. બ્રાહ્મણો અને ક્ષત્રિયો ભાજપ સાથે છે. કોળી સમાજમાં ૭૦ ટકા હિસ્સો ભાજપ પાસે છે જ્યારે માત્ર ૩૦ ટકા હિસ્સો કોંગ્રેસને મળે છે. ઝોન પ્રમાણે જોઈએ તો હાલ ઉત્તર ગુજરાત અને રાજકોટ સિવાયના સૌરાષ્ટ્રમાં ભાજપ માટે વાતાવરણ સારૂં નથી. મધ્ય ગુજરાતમાં પણ બન્ને પાર્ટીઓ માટે ફિફ્ટી ફિફ્ટી ચાન્સિસ છે. અમદાવાદ, વડોદરા અને સુરત જેવા શહેરોની બેઠકો પર ભાજપની પક્કડ મજબૂત છે. આ કારણોથી જ્ઞાતિવાર ઉમેદવારો પસંદ કરવા માટે બન્ને પાર્ટીઓએ શોધ શરૂ કરી છે.

**● ભાજપે સિદ્ધાંતો નેવે મૂક્યાં અને સત્તા હાંસલ કરી છે...**

ગુજરાતમાં ભાજપ સત્તામાં આવ્યું ત્યારથી એટલે કે ૧૯૯૫ અને ૧૯૯૮ની સત્તાને બાદ કરતાં પાર્ટીનું ઈન્ટરનલ ધોવાણ થયું છે. પાર્ટી મોટી થઈ પરંતુ સિદ્ધાંતો અને કેડરને નેવે મૂકીને આ સત્તા ટકાવી રાખી છે. મોદી તેમના મુખ્યમંત્રીના સમયમાં એવું કહેતા હતા કે મારે ગુજરાતને કોંગ્રેસ મુક્ત કરવું છે, પરંતુ આ ખ્યાલમાં ભાજપે કોંગ્રેસને જ પનાહ આપી દીધી છે. કોંગ્રેસના મજબૂત ઉમેદવારો જો ભાજપમાં જોડાયા ન હોત તો પાર્ટીને આટલી મોટી સફળતા મળી શકી ન હોત તે દિવા જેવી સ્પષ્ટ બાબત છે. ૨૦૧૭ની ચૂંટણી પહેલાં પણ ભાજપના રાષ્ટ્રીય નેતાઓએ વિજય મેળવવા માટે કોંગ્રેસના દરવાજા ખટખટાવ્યા છે. કોંગ્રેસના મજબૂત નેતાઓને ભાજપમાં લઈને પાર્ટીના આગેવાનો શું સાબિત કરવા માગે છે તે પાર્ટીના પાયાના કાર્યકરોને સમજાતું નથી.જે પાર્ટીને લોહી પાણી એક કરી ઉભી કરી છે તે પાર્ટી સિદ્ધાંતો ભૂલી ગઈ છે. કાર્યકર્તાઓ નારાજ એટલા માટે છે કે ચૂંટણીમાં જે લોકોને ભરપેટ ગાળો દીધી હોત તેમને જીતાડવા માટે તેઓને મહેનત કરવી પડે છે. ભાજપના સિનિયર કાર્યકરો જાહેરમાં કહે છે કે- સિદ્ધાંતોને નેવે મૂકીને સત્તા હાંસલ થઈ શકે છે પરંતુ લોકોને આપેલા વચનો પાળી શકાતા નથી.